ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# મીના બજારમાં મનપાનું તંત્ર ત્રાટક્યું અડધો ડઝન વેપારીઓને નોટીસ

## છ જેટલી ખાણીપીણીની લારીઓ બંધ કરાવાઈ એક હજારથી પણ વધુ દંડનીય રકમની વસુલાત

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે મીના બજાર વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરાઈ હતી અને આ તપાસ દરમ્યાન અડધો ડઝન જેટલા લારીધારકોને લારી બંધ કરી દેવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી તો અડધો ડઝન જેટલા વેપારીઓને સ્વચ્છતા જાળવવા માટે નોટીસ આપવામાં આવી છે. તંત્રએ આ વિસ્તારમાં સર્વિસ ચાર્જ તરીકે આજે રૂ. એક હજારથી પણ વધુ રકમના દંડની વસુલી કરી છે.

મીના બજાર વિસ્તારમાંથી કોલેરાનો કેસ મળી આવતાં મહાનગરપાલિકા સત્તાવાળાઓએ આજે કડક વલણ આ વિસ્તારમાં અખત્યાર કરવા સાથે સ્વચ્છતાના મુદ્દે કોઈપણ પ્રકારની બાંધછોડ નહિ કરાય તેવા સ્પષ્ટ સંકેત આપી દીધા છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પાણીના ક્લોરીનેશન માટે પણ માર્ગ-મકાન વિભાગને કડક તાકીદ કરી દેવામાં આવી છે.

આજે સવારથી જ મનપાના તંત્રના અધિકારીઓએ આ મીના બજાર વિસ્તારમાં ઘોંસ બોલાવી હતી. તંત્રએ એકાએક હાથ ધરેલી કડક કાર્યવાહીને કારણે અહિ છુટક વેપાર કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

વાસી અને વધેલા ખોરાકનો નિકાલ કરવા માટેના સ્થળોની પણ ચકાસણી કરી હતી તેમજ આ માટેની કડક સૂચનાઓ ખાણી-પીણીની દુકાનો ધરાવતા વેપારીઓને આપવામાં આવી હતી. આ ઉપરાંત તંત્ર દ્વારા સ્વચ્છતા તેમજ પાણીપુરીની લારીઓ વાળાના ખાદ્ય પદાર્થોની પણ ચકાસણી કરવામાં આવી હતી.

મળતા નિર્દેશો પ્રમાણે સ્વચ્છતાના મુદ્દે આજે નોટીસ અપાઈ છે અને પછી પણ સુધારો નહિ જણાય તો સિલીંગનું આક્રમણ પગલુ તંત્ર દ્વારા ભરવામાં આવશે. વેપારીઓને કચરા માટે ડષ્ટબીનનો જ ઉપીયોગ કરવા પણ તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આજે પણ મનપાના તંત્ર દ્વારા ઝુંપડપટ્ટી વિસ્તારમાં ક્લોરીનની ટીકડીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. મળતી વિગતો પ્રમાણે આજે આ વિસ્તારમાંથી ઝાડા-ઉલ્ટીનો એક પણ કેસ મળી આવ્યો નથી.



(તસવીર : દિપક જાની)

ગાંધીનગરમાં રખડતા પશુઓની સમસ્યા અને અકસ્માતોના વધતા બનાવો સતત અખબારના પાને ચમકતા રહ્યા છે. રખડતા પશુઓની સમસ્યા મહાનગરપાલિકાના તંત્રને પણ સતાવી રહી છે. પકડાયેલા આ પશુધન માટે ડબ્બો નથી....? તંત્રએ આઉટ સોર્સિંગથી હવે આ કામગીરી કરાવવી પડે પણ એજન્સીઓ આગળ નથી આવી અને હવે આ સમસ્યા ચ રોડ સુધી વિસ્તરી છે. તંત્ર વાહકો હવે જાગે... તેમ નગરજનો ઈચ્છી રહ્યા છે...

# હાઈમાસ્કની જાળવણી માટે એજન્સીને જવાબદારી સોંપાઈ

## બંધ હાઈમાસ્ક ટૂંક સમયમાં ચાલુ થઈ જશે : તંત્ર

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં સ્થિત હાઈમાસ્કની જાળવણીનો કોન્ટ્રાક્ટ રીન્યુ કરી દેવાતા બંધ હાઈમાસ્ક આગામી સપ્તાહમાં અજવાળુ પાથરશે. હાઈમાસ્કની જાળવણી માટે એજન્સી નક્કી કરવામાં વિલંબ થયો હોવાનું ધ્યાને આવ્યું છે.

શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો પર હાઈમાસ્ક લગાવવામાં આવ્યા છે. સર્કલ વિસ્તારમાં રાત્રીના સમયે યોગ્ય અજવાળુ પથરાય તે માટે કોબા, ઈન્દ્રોડા ઉપરાંત શહેરમાં ઘ-૫ અને ચ-૫ સહિત વિવિધ ૮ થી વધુ ઠેકાણે હાઈમાસ્ક લાઈટીંગ ટાવર ઉભા કરવામાં આવ્યા છે. જો કે, સમય જતા આ હાઈમાસ્ક લાઈટીંગ ટાવર મોંઘા પુરવાર થતા તંત્રકક્ષાએથી આ હાઈમાસ્ક બંધ કરવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. હાઈમાસ્કના લીધે વીજ વપરાશ વધારે થતા સરકારે વીજબીલ પણ વધુ ચુકવવુ પડે છે. છેલ્લા કેટલાક સમયથી ઘ-૫ ખાતે ચ-૫ વિસ્તારમાં હાઈમાસ્ક બંધ રહેવાથી રાત્રીના સમયે અજવાળુ ઓછુ પડતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સૂત્રોના જણાવ્યા મુજબ હાઈમાસ્કની જાળવણીની જવાબદારી અર્થે હમણાં જ એજન્સી નક્કી કરવામાં આવી છે. એક વર્ષની જાળવણીનો કોન્ટ્રાક્ટ નિયત કરવામાં આવે છે. પરંતુ ચાલુ વર્ષ દરમિયાન આ મામલે વિલંબ થતા અમુક ઠેકાણે હાઈમાસ્ક બંધ થઈ ગયા છે. પરંતુ આગામી સપ્તાહ બંધ ટાવરો ચાલુ થઈ જશે.

# સેક્ટરોમાં પાણીની ગુણવત્તા ચકાસવા તંત્રએ ઝૂંબેશ હાથ ધરી

## મીના બજાર અને સેક્ટર-૨૪માંથી વધુ ૬ નમૂના લેવાયા

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં ઝાડા - ઉલટી અને કોલેરાના રોગચાળાએ માથું ઉચક્યું છે ત્યારે સપ્લાય થતા પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્ન મંડરાયો છે. સેક્ટર-૨૪ ઈન્દિરાનગર તેમજ મીના બજારમાંથી પાણીના નમૂના લઈ તંત્રને તમામ ખર્ચે લેબોરેટરીમાં મોકલી દીધા છે. જ્યારે સેક્ટરોમાં સપ્લાય થતા પાણીની ગુણવત્તા ચકાસવા તંત્ર દ્વારા ઝૂંબેશ શરૂ કરી દેવાઈ છે.

શહેરમાં છાશવારે પાણીની ગુણવત્તાના મામલે સેક્ટરવાસીઓમાં ફફળાટ ઉઠવા પામે છે. સેક્ટરોમાં નળમાંથી ડહોળું પાણી આવતું હોવાની વ્યાપક ફરિયાદો પણ ઘણીવાર કકળાટનું કારણ બને છે. ઉગતા વરસાદી દિવસોમાં શહેરમાં સપ્લાય થતા પેયજળની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે. જૂના સચિવાલય નજીક સ્થિત મીનાબજાર વિસ્તારમાં ઝાડા ઉલ્ટીના કેસો મળી આવ્યા છે. જ્યારે સો. ૨૪ ઈન્દીરાનગર વિસ્તારમાં પણ કોલેરાના રોગચાળાએ માથુ ઉંચકતા તંત્ર સફાળુ જાગ્યું છે. મીના બજાર તેમજ સો. ૨૪ ઈન્દીરાનગર વિસ્તારમાંથી તંત્ર દ્વારા આજે પણ પાણીના ૬ જેટલા નમૂના લેવામાં આવ્યા હતા. પાણીના નમૂના કેમિકલ અને બેક્ટેરોલોજીકલ ટેસ્ટ માટે લેબોરેટરીમાં મોકલી દેવાયા છે. બીજી તરફ રોગચાળાની સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા શહેરના જૂના અને નવા સેક્ટરોમાં પણ પાણીના નમુના લેવા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના આધારે સેક્ટરોમાં સપ્લાય થતા પાણીમાં ક્લોરીનેશન સહીતની માત્રા ચકાસી ગુણવત્તાનો તાગ મેળવાશે.

### સરકારી શાળામાં શિક્ષકો ઓછા

# ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓ વધ્યા છે

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટના કારણે આ શાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોના અભ્યાસ ઉપર અસર થાય છે. જેના કારણે શિક્ષકો વગરની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જાય છે. અને ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે. ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતા શાળાની ફીમાં પણ તોતીંગ વધારો થઈ રહ્યા છે જેના કારણે વાલીઓ ઉપર મોટો આર્થિક બોજો પડી રહ્યો છે. રાજ્યમાં એક તરફ રાજ્ય સરકાર પ્રવેશોત્સવ ઉજવીને લાખો રૂપિયા ખર્ચે છે પરંતુ બીજી બાજુ શિક્ષકોની ભરતી માટે યોગ્ય પગલા લેવાતા નથી તેના કારણે સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે તો ખાનગી શાળાઓનો રાફડો ફાટી રહ્યો છે.

# પ્રજ્ઞાચક્ષુ બાળકોને પગભર બનાવવાની તાલીમ આપતી અંધશાળા

ગાંધીનગર, તા. ૨૪

કોઈપણ રીતે વિકલાંગ કે અંધ વ્યકિતને શિક્ષણ આપી તેને પગભર બનાવવાની જરૂરીયાત સૌથી પહેલી



અને સૌથી મોટી છે. સર્વિસ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ, અમદાવાદ સંચાલિત અંધશાળા અંધબાળકોને વિનામૂલ્યે શિક્ષણની તાલીમ તો આપે જ છે સાથે સાથે તેમને પગભર બનાવવા માટેની વ્યવસાયિક તાલીમ પણ આપે છે.

અંધ બાળકોને શિક્ષણ અને વ્યવસાયિક તાલીમ આપવાની જરૂરીયાત ઉભી થતાં સને ૧૯૯૫માં કોલવડા ગામમાં સૌ પ્રથમવાર અંધ શાળાની શરૂઆત એક શેડ નીચે કરવામાં આવી. સર્વિસ એસોસીએશન ઓફ ધી બ્લાઈન્ડ, અમદાવાદ સંચાલિત આ અંધશાળાની પ્રવૃત્તિઓ વધતા તેમાં સંખ્યા પણ વધવા માંડી. ૧૯૯૯માં સેક્ટર-૨૯ની સરકારી શાળામાં તેને તબદીલ કરવામાં આવી. ૨૦૦૯માં સરકારશ્રીની સહાયથી તેમજ છાત્રોની સંખ્યા વધતા સેક્ટર-૧૬ના વિશાળ બિલ્ડીંગમાં અંધશાળાને ખસેડવામાં આવી. હાલમાં અહીં વિશાળ મેદાન, રસોડાની અલગ વ્યવસ્થા ઉપલબ્ધ છે. અહીં બાળકોને ધો. ૧ થી ૧૦નું શિક્ષણ, કોમ્પ્યુટરનું શિક્ષણ, સંગીતનું શિક્ષણ અદ્યતન વાદ્યોની સાથે આપવામાં આવે છે. એટલું જ નહી પ્રજ્ઞાચક્ષુ બાળકો જાતે કરી શકે તેવા ઉદ્યોગોની તાલીમ પણ આપવામાં આવે છે. જે નિવાસી શાળા સિવાય શક્ય નથી. અહીં વિદ્યાર્થીઓને શિક્ષણ ઉપરાંત રહેવા જમવાની સગવડ, તબીબી સારવાર કોઈપણ ખર્ચ લીધા આપવામાં આવે છે. પદ્મશ્રી જગદીશભાઈ પટેલ પણ આ અંધશાળામાં શિક્ષણ લઈ અંધજનોના પથદર્શક



બન્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા દસ વર્ષથી આ શાળાનું ધો. ૧૦નું પરિણામ ૧૦૦ ટકા આવે છે. પ્રજ્ઞાચક્ષુ બાળકોના વાલીઓએ પોતાના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમને અહી ભણાવવાનો આગ્રહ રાખવો જોઈએ.

# સૂચિત નવા ૭ જિલ્લા ૨૧ તાલુકાઓના વિભાજન અંગેની દરખાસ્ત આખરી કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યના સૂચિત નવા ૭ જિલ્લા અને ૨૭ જેટલા તાલુકાઓની રચના અંગેની દરખાસ્ત આખરી કરી દેવામાં આવી છે. અને આગામી બુધવારના રોજ મળનારી મંત્રીમંડળની બેઠકમાં આ દરખાસ્તને મંજુરી આપવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

મહેસૂલ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્ય સરકારે કેટલાક જિલ્લાઓ અને તાલુકાઓનું વિભાજન કરવાનો અને નવા સાત જિલ્લા અને ૨૭ જેટલા નવા તાલુકાઓની રચના કરવાનો નિર્ણય લઈને જાહેરાત કરવામાં આવી હતી.

રાજ્ય સરકારે થોડા સમય અગાઉ નવા ૭ જિલ્લા અને ૨૭ તાલુકાઓની નવરચનાની કરેલી જાહેરાતને પગલે કેટલાક જિલ્લા અને તાલુકાઓમાંથી જિલ્લા તાલુકા વિભાજન સામે વિરોધ ઉઠતા નવા જિલ્લા તાલુકાની રચનાની પ્રક્રિયા વિલંબમાં પડવા પામી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સૂચિત નવા જિલ્લા અને તાલુકાની રચના અને વિભાજન અંગે આજે સંબંધીત જિલ્લા તાલુકાના ધારાસભ્યો સાંસદો અને જિલ્લા તાલુકાના ભાજપના આગેવાનોની રજૂઆતો સાંભળવામાં આવી હતી. રાજ્યના મહેસૂલમંત્રી, નાણામંત્રી, પંચાયતમંત્રી, ઊર્જામંત્રી અને મહેસૂલ વિભાગના અધિકારીઓની એક મહત્વની બેઠક આજે મળી હતી.

આ બેઠકમાં આજે રાજ્ય સરકારને જિલ્લા તાલુકા વિભાજન અંગે મળેલા વાંધા સૂચનો અંગેની કાર્યવાહી પૂર્ણ કરીને સૂચીત નવા સાત જિલ્લા અને ૨૭ તાલુકાની નવ રચના અંગેની એક દરખાસ્ત તૈયાર કરી દેવામાં આવી છે. અને આગામી બુધવારના રોજ મળનારી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મહેસૂલ વિભાગ દ્વારા જિલ્લા તાલુકા વિભાજન અને નવરચના અંગેની દરખાસ્ત મંજુરી અર્થે રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

### સૂચિત નવા જિલ્લા તાલુકા

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા સુચિત નવા જિલ્લા અને તાલુકાના નામો આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ● સૂચિત નવા જિલ્લા | જૂનાગઢ શહેર | ગોજારીયા |
| ગીર સોમનાથ | પોશીના | જોટાણા |
| દેવભૂમી દ્વારકા | બોડેલી | નેત્રંગ |
| અરવલ્લી | ફાગવેલ | સૂઈગામ |
| છોટાઉદેપુર | ગલતેશ્વર વસો | લાખણી |
| મહીસાગર | થાનગઢ | વધઈ |
| મોરબી | વીંછીયા | વાપી |
| બોટાદ | જેસર | શંખેશ્વર |
| ● સૂચિત નવા તાલુકા | ધોલેરા | સરસ્વતી |
| ગીર ગઢડા | ખેરગામ | સાંજેલી |

# ટ્રેન પકડવા યાત્રિકોએ ફરજિયાત બ્રિજ ક્રોસ કરવો પડે છે !

## પ્લેટફોર્મ નં. ૧ પર સવારથી સાંજ રોકાણ કરતી શાંતિ એક્સપ્રેસના લીધે તમામ ટ્રેન બીજા પ્લેટફોર્મ પર સ્ટોપ થાય છે

ગાંધીનગર, તા. ૨૪

કેપીટલ સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૧ ના ટ્રેક પર સવારથી સાંજ સુધી લાંબુ રોકાણ કરતી શાંતિ એક્સપ્રેસના લીધે દિવસ દરમ્યાન આવતી તમામ ટ્રેઈનો ટ્રેક નં. ૨ પર સ્ટોપ થતા રેલ યાત્રિકોએ ખૂબજ પરેશાની વેઠવી પડે છે. ટ્રેઈન પકડવલા યાત્રિકોએ સામાન સાથે બ્રીજ ઓળંગી પ્લેટફોર્મ નં. ૨ ઉપર જવું પડે છે. સામાનલારી તેમજ કુલીની પણ કોઈ વ્યવસ્થા ન હોવાથી મહિલાઓ અને સિનિયર સીટીજન્સે દયનીય હાલતમાં મુકાવવું પડે છે.

કેપીટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયા બાદ હજુ યાત્રિકો માટે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થઈ નથી. આવા સંજોગોમાં સ્ટેશન પર આવતી ટ્રેઈન પકડવા માટે પણ રેલયાત્રિકોએ બ્રિજ ક્રોસ કરીને પ્લેટફોર્મ નં. ૨ સુધી જવાની ફરજ પડે છે. કેપીટલ સ્ટેશન પર સવારે ઈન્દોરથી આવતી શાંતિ એક્સપ્રેસ પ્લેટફોર્મ નં. ૧ પર સ્થિર થઈ જતા આ ટ્રેક આખો દિવસ રોકાયેલો રહે છે, જયારે આ



દરમિયાન કેપીટલ સ્ટેશન પર આવતી હરિદ્વાર મેઈલ, બરોડાની મેમુ ટ્રેઈનના મુસાફરોને ફરજિયાત બ્રિજ ક્રોસ કરી પ્લેટફોર્મ નં. ૨ સુધી લાંબા થવું પડે છે. એક બાજુ સ્ટેશન પર સામાન લારી કે કુલીની પણ કોઈ વ્યવસ્થા ન હોવાથી સિનિયર સીટીઝન તેમજ મહિલાઓએ સામાન ફેરવવામાં પણ પરેશાની ભોગવવી પડે છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ પ્લેટફોર્મ નં. ૧ પર લાંબુ રોકાણ કરતી શાંતિ એક્સપ્રેસને ઉભી રહ્યા બાદ અન્ય ટ્રેક પર ડાયવર્ટ કરવા પણ અગાઉ અમદાવાદ રેલવેના ડીવીઝનલ મેનેજર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. શહેર વસાહત મહામંડળ દ્વારા આ અંગે અનેકવાર રજૂઆત કરાયા બાદ પણ કોઈ કાર્યવાહી થતી નથી.

# પતિએ જ પત્નિને છરા ઝીંકીને રેલવે ટ્રેક પર ફેંકી દીધી હતી...!

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક ખોરજ રેલવે ટ્રેકની બાજુમાંથી લોહીલુહાણ હાલતમાં એક મહિલા મળી આવી હતી. આ હત્યાકેસનો સનસની પર્દાફાશ થવા પામ્યો છે. ઘર કંકાશથી કંટાળી ગયેલા પતિએ જ પત્નિની એક પછી એક છરાના ૧૧ ઘા ઝીંકીને કરપીણ હત્યા કરી નાંખી હોવાનું બહાર આવ્યું છે. પત્નિનું મર્ડર કરી નાંખવાનો પ્લાન કરીને પાવાગઢ પહોંચેલા પતિને રોપ-વે પરથી ધક્કો મારી દેવાની તક ન મળી પરંતુ છેવટે તેણે પરત ફર્યા ત્યારે રાત્રે ખોરજ રેલવે સ્ટેશને તક ઉભી કરીને હત્યા કરી નાંખી હતી. ટોયલેટ જવાનુ બહાનુ કાઢીને રેલવે સ્ટેશન પાછળ પહોંચી જઈ પાણી ભુલી ગયો હોવાથી પાણી લઈ આવ કહીને ખુણામાં બોલાવી છરા ભોંકી દઈ મર્ડર કરી નાંખ્યું હતું. અડાલજ પોલીસે રહસ્યમય મર્ડર ડીટેક્ટ કરીને આરોપી પતિની ધરપકડ કરી લીધી છે.

મળતી માહિતી મુજબ મુળ અમરેલીનાં સાવરકુંડલા વિસ્તારના અને હાલ ખોરજ ગામમાં ભાડે રહેતો ભાવેશ ગીરધરભાઈ સાવલીયા (લેઉઆ પટેલ) અને તેની પત્નિ વિલાશબેન વચ્ચે ઘણા સમયથી ક્લેશ ચાલતો હતો. કંટાળીને ભાવેશે તેની પત્નિનું મર્ડર કરી નાંખવાનો પ્લાન કર્યો અને પાવાગઢના રોપ-વેમાંથી ધક્કો મારી દેવાનું મનોમન વિચારી નાના દિકરા અને પત્નિ વિલાશને લઈને પાવાગઢ ગયો હતો. રોપ-વે પર અન્ય મહિલા દર્શકોનો વિલાશને સાથ મળી જતાં ધક્કો મારવાનું કામ પાર પડ્યુ ન હતુ. ત્યાર બાદ પહાડ પરથી ખીણમાં ફેંકી દેવાનો વિચારેલો પ્લાન પણ સફળ ન રહ્યો. ઘરે પહોંચતા પહોંચતા પત્નિનું કાસળ કાઢી નાકવાનું મનોમન નક્કી કરી બેઠેલો પતિ છેક ખોરજ-ખોડીયાર રેલવે સ્ટેશને પહોંચ્યા ત્યારે પ્લાન પાર પાડી ચુક્યો.

નાના દિકરાની સામે ખુન ન કરી શકે તેથી ટોયલેટ જવાનુ બહાનુ કાઢીને ભાવેશ ખુણામાં અંધારામાં ગયો અને પાણી ભુલી ગયો હોવાથી પાઉચ આપી જા તેવી બુમ પત્નિને પાડીને અંધારામાં

● અનુસંધાન પાના-૭ પર

**વેચવાની છે**

ઈન્ફોસિટી સુપર મોલ-૧માં ફ્રન્ટ ફેસીંગ, ૩૫૦ સ્કેરફીટ ઓફિસ વેચવાની છે.

-: સંપર્ક :-

+૯૧-૯૮૩૩૯૬૪૮૪૮

**પ્લોટ વેચવાનો છે**

સેક્ટર-૨૮, ઘ-૬ કોર્નર ૧૯૫ મીટરનો પ્લોટ તથા સેક્ટર-૪/ડીમાં ફ્લેટ વેચવાના તથા ભાડે આપવાના છે

-: સંપર્ક :-

૯૮૨૫૮૦૫૧૪૧

**ઓફિસ વેચવાની છે**

સેક્ટર-૧૧માં ૫૦૦ ફુટની ઓફિસ તથા સે-૨૮, ઘ-૬ કોર્નરે દુકાનો વેચવાની છે.

-: સંપર્ક :-


૯૮૨૫૮૦૫૧૪૧

### જાહેર નિવિદા

માહિતી કમિશનરશ્રીની કચેરીના ઉપયોગ સારું ગાંધીનગર - અમદાવાદથી પ્રસિદ્ધ થતાં વર્તમાનપત્રોમાંથી માંગ્યા મુજબ વિવિધ વિષયોને લગતાં અખબારી અહેવાલો કટીંગ - પેસ્ટીંગ કરી નિયત સ્થળે પહોંચતા કરવાના રસ ધરાવનારાઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. આ અંગેનું ટેન્ડર પોર્મ તા. ૨૬-૬-૨૦૧૩ થી તા. ૧૬-૭-૨૦૧૩ સુધી કામકાજના દિવસો દરમિયાન સવારે ૧૧.૩૦ થી ૧૩.૩૦ કલાક દરમિયાન રૂબરૂમાં રૂ. ૫૦૦/- રોકડા ભરીને માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીએથી મળી રહેશે. ભરેલા ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા. ૧૬-૭-૨૦૧૩, સમય ૧૩.૩૦ રહેશે.

માહિતી/૬૨૦/૧૩-૧૪ માહિતી કમિશનર




SANGHI CEMENT

C. C. C. (Customer Care Centre) Gandhinagar District

VINAYAK 500

TMT BARS - ISI

ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત

તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com